ક્રમાંક:રાચપ-ચટણ-સ્થા.સ્વ.૨૫-૧૨૨૦૦૯-ક

રાજય ચૂંટણી પંચનું કાર્યાલય,
બ્લોક નંબર : ૯, ૬ઠ્ઠો માળ,
સરદાર પટેલ ભવન,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : ૭-૧૨-૨૦૦૯

વંચાણમાં લીધા :-
(૧) રાજય ચૂંટણી પંચના આદેશ ક્રમાંક:રાચપ-ચટણ-સ્થા.સ્વ.૨૫-૧૨૦૦૯-ક તા.૧૬-૬-૨૦૦૯

## આ દે શ :-

સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની મતદાર યાદીઓ વિધાનસભા મતદારયાદી પરથી તૈયાર કરવામાં આવતી હોઈ, આજ નંબરો સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની મતદારયાદીમાં નોંધવામાં આવતા હોય છે. કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા રાજયમાં મતદારોને ફોટો ઓળખપત્ર પુરાં પાડવામાં આવે છે. સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં મતદાર પોતાનો મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે મતદારને મળેલ ફોટો ઓળખપત્ર (EPIC) મતદાન મથકે રજૂ કરવાની બાબત રાજય ચૂંટણી પંચની વિચારણામાં હતી. પુખ્ત વિચારણાના અંતે વંચાણવાળા તા.૧૬-૬-૨૦૦૯ ના આદેશમાં અંશતઃ સુધારો કરવામાં આવે છે. હવે પછીની સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની યોજાનાર ચૂંટણીઓ માટે મતદાન ઓળખપત્ર માટે નીચેની સુચનાઓનો અમલ કરવાનો રહેશે.

રાજયની સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચૂંટણી માટે યોજાનાર મતદાન માટે મતદાન મથકે આવનાર મતદારે ભારતના ચૂંટણી પંચે મતદારને આપેલ મતદાર ફોટો ઓળખપત્ર (EPIC) રજૂ કરવાનું રહેશે.

પરંતુ જો કોઈ મતદાર આવો ફોટો ઓળખપત્ર (EPIC) કોઈ કારણોસર રજૂ ન કરી શકે તો, સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચૂંટણીઓમાં સંબંધિત મતદારની ઓળખ પ્રસ્થાપિત થાય તે માટે, રાજય ચૂંટણી પંચે નીચે મુજબના દસ્તાવેજી પુરાવાઓ માન્ય કરેલ છે.

૧. ફોટા સાથેનો પાસપોર્ટ
૨. ફોટા સાથેનું ડ્રાઈવીંગ લાયસન્સ
૩. ફોટા સાથેનું ઈન્કમટેક્ષ (PAN) ઓળખકાર્ડ
૪. રાજય સરકાર, કેન્દ્ર સરકાર, જાહેર સાહસો અથવા પબ્લીક લીમીટેડ કંપનીઓ તરફથી તેઓના કર્મચારીઓને આપવામાં આવેલ ફોટા સાથેના ઓળખકાર્ડ.
૫. પબ્લીક સેકટર બેન્કો કિસાન પાસબુકો અને પોસ્ટ ઓફિસો તરફથી આપવામાં આવતી ફોટા સાથેની પાસબુક
૬. માન્ય શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા વિદ્યાર્થીના હાલમાં ચાલુ અભ્યાસ દરમ્યાન આપવામાં આવેલ ફોટા સાથેના વિદ્યાર્થી ઓળખકાર્ડ.
૭. ફોટા સાથેના મિલકતના દસ્તાવેજો જેવા કે, પટ્ટા, રજીસ્ટર્ડ ડીડ વગેરે.
૮. અનુસૂચિત જાતિ/અનુસૂચિત આદિજાતિ / અન્ય પછાતવર્ગ (OBC) નું સક્ષમ અધિકારીનું ફોટા સાથેનું પ્રમાણપત્ર.
૯. ફોટા સાથેના પેન્શન પ્રમાણપત્રો જેવા કે, માજી સૈનિકોની પેન્શન બુક / પેન્શન પેમેન્ટ ઓર્ડર/ માજી સૈનિકની વિધવા / આશ્રિતોના પ્રમાણપત્રો / મોટી ઉંમરની વ્યકિતના પેન્શન ઓર્ડર, વિધવા પેન્શન ઓર્ડર.
૧૦. કેન્દ્ર સરકાર/ ગુજરાત સરકાર દ્વારા આપવામાં આવેલ સ્વતંત્રતા સૈનિકના ફોટા સાથેના ઓળખ કાર્ડ.
૧૧. ફોટા સાથેના હથિયારોના લાયસન્સ
૧૨. સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ વિકલાંગનું ફોટા સાથેનું પ્રમાણપત્ર

ken1

P.T.O.

૧૩. રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી બાહેંધરી યોજના (NREGS) હેઠળ આપવામાં આવેલ ફોટા સાથેનું જોબ કાર્ડ

૧૪. કર્મચારી રાજ્ય વીમા યોજના (ESI) હેઠળ આપવામાં આવેલ ફોટા સાથેનું ઓળખકાર્ડ.

ઉપરોક્ત દસ્તાવેજી પુરાવાઓ પૈકી કોઈ પુરાવો કુટુંબના મુખ્ય વ્યક્તિના નામે હોય તો પણ તે પુરાવો કુટુંબની અન્ય વ્યક્તિ જો મતદાર હોય તો તે પોતાની ઓળખ માટે રજૂ કરી મતદાનનો અધિકાર મેળવી શકશે.

રાજ્ય ચૂંટણી પંચના આદેશથી,

( પી. એસ. શાહ )
સચિવ
રાજ્ય ચૂંટણી પંચ
ગાંધીનગર

**નકલ સવિનય રવાના :–**

- મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, શહેરી વિકાસ અને શ. ગૃ. નિ. વિ., સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, પંચાયત, ગ્રા. ગૃ. નિ. અને ગ્રા. વિ. વિભાગ, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, મહેસુલ વિભાગ, ગાંધીનગર.

**નકલ જયભારત સહ રવાના :–**

- વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, સર્વે.
- શહેર ચૂંટણી અધિકારી / જિલ્લા મ્યુનિસિપલ ચૂંટણી અધિકારી/જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી, સર્વે આ આદેશની જાણ ચૂંટણી અધિકારીઓ / મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીઓને કરવા સારૂ
- જિલ્લા વિકાસ અધિકારીશ્રી, સર્વે
- નાયબ કલેકટરશ્રી / નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી તમામ } મારફતે સબંધિત જિલ્લા કલેકટરશ્રી/
- મામલતદારશ્રી / તાલુકા વિકાસ અધિકારીશ્રી તમામ } જિ.વિ.અધિ.શ્રી

આ આદેશની જાણ સ્થાનિક સ્વરાજયની સંસ્થાની ચૂંટણીના મતદાન મથકના પ્રમુખ અધિકારી / પ્રથમ મતદાન અધિકારીશ્રીઓને કરવા સારૂ

**નકલ રવાના :–**

- વ્યવસ્થાપકશ્રી, સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

આ આદેશ અસાધારણ સરકારી રાજયપત્ર ભાગ–૪ (સી) માં તાત્કાલીક પ્રસિદ્ધ કરવા તથા તેની ૨૫ નકલો રાજય ચૂંટણી પંચ તથા નીચેના અધિકારીઓને તેની સામે જણાવેલ નકલો મોકલી આપવા સારૂ.

૧. કલેકટરશ્રી તમામ — ૫ નકલ

- સર્વે માન્યતા પ્રાપ્ત / રજીસ્ટર્ડ પક્ષો.
- નાયબ સચિવશ્રી/નાયબ ચૂંટણી કમિશ્નરશ્રી/મદદનીશ ચૂંટણી કમિશ્નરશ્રી/ વહીવટી અધિકારીશ્રી, રાજ્ય ચૂંટણી પંચ, ગાંધીનગર
- નાયબ મામલતદારશ્રી (તમામ) રાજ્ય ચૂંટણી પંચ, ગાંધીનગર
- સીલેકટ ફાઈલ.

ken1